અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભરતી પરીક્ષાઓની પૂર્વ-તૈયારી માટે તાલીમ આપવાની યોજના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૭/૧૨/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૧૬/ન.બા-૨૫/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ અને તા.૨૨/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ

(૩) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૩/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૮/૨૦૨૧/૯૧૦૯

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી ભરતી પરીક્ષાઓની પૂર્વ-તૈયારી માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના અમલમાં છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવોથી આ યોજના માટે સંસ્થાઓ અને લાભાર્થીના પાત્રતાના ધોરણો તેમજ શરતો નિયત કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે આ યોજના હેઠળ મળેલ અરજીઓને તાલીમાર્થીઓએ સ્નાતક કક્ષાએ મેળવેલ ટકાવારીના આધારે મેરિટના ધોરણે (૧) મેડિકલ, એન્જિનિયરીંગના સ્નાતક તાલીમાર્થીઓનું ગૃપ અને (૨) મેડિકલ, એન્જિનિયરીંગ સિવાયના અન્ય સ્નાતક તાલીમાર્થીઓનું ગૃપ એમ બે ગૃપ બનાવી બન્ને ગૃપમાં આવેલ અરજીઓ પૈકી તાલીમાર્થીઓએ સ્નાતક કક્ષાએ મેળવેલ ટકાવારીના આધારે બન્ને ગૃપના અલગ અલગ મેરિટ બનાવી આ યોજના માટે ફાળવેલ બજેટ જોગવાઈની મર્યાદામાં બન્ને ગૃપમાંથી ૧:૧ રેશિયો મુજબ તાલીમાર્થીઓને તાલીમ સહાય ચૂકવવામાં આવે તે મુજબનો સુધારો થઈ આવવા નિયામકશ્રી(અજાક)એ દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના ઠરાવોથી ભરતી પરીક્ષાઓની પૂર્વ-તૈયારી માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના હેઠળ મળેલ અરજીઓ અંગે નીચે મુજબ કાર્યવાહી કરવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજના હેઠળ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરને મળેલ અરજીઓને નીચે મુજબના બે ગૃપમાં વર્ગિકૃત કરવાની રહેશે.

- મેડિકલ, એન્જિનિયરીંગના સ્નાતક તાલીમાર્થીઓનુ ગૃપ
- મેડિકલ, એન્જિનિયરીંગ સિવાયના અન્ય સ્નાતક તાલીમાર્થીઓનુ ગૃપ

(૨) ઉક્ત બન્ને ગૃપમાં મળેલ અરજીઓ પૈકી તાલીમાર્થીઓએ સ્નાતક કક્ષાએ મેળવેલ ટકાવારીના આધારે બન્ને ગૃપના અલગ અલગ મેરિટ બનાવવાના રહેશે.

(3) આ યોજના હેઠળ ફાળવેલ બજેટ જોગવાઈની મર્યાદામાં મેરીટના ધોરણે બન્ને ગૃપમાંથી ૧:૧ રેશિયો મુજબ તાલીમાર્થીઓને તાલીમ સહાય ચૂકવવાની રહેશે.

આ યોજનાઓ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)

- સર્વ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ.